# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ

(ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ અધિનિયમ નં. ૧૫/૨૦૨૩)

**BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH**

[ Gujarat Public Universities Act No. 15/2023 ]


परीपत्र

**વિષય : શૈક્ષણિક વર્ષ : ૨૦૨૫-૨૬ની સ્પોર્ટ્સ મિટીંગમાં ઉપસ્થિત રહેવા બાબત.**

અત્રેની યુનિવર્સિટી સ્થિત ભવનોના અધ્યક્ષશ્રીઓ, સંલગ્ન અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર્સ ઈન્ચાર્જશ્રી, સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ/પી.ટી.આઈ.શ્રીઓને ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, અત્રેના વિભાગની નોંધ પર માનનીય કુલપતિશ્રીની મળેલ મંજુરી અન્વયે અત્રેની યુનિવર્સિટી દ્વારા શૈક્ષણિક વર્ષ : ૨૦૨૫-૨૬ માટે આંતર કોલેજ સ્પોર્ટસ કેલેન્ડરની રચના તેમજ આંતર કોલેજ રમત-ગમત સ્પર્ધાઓના આયોજન માટે **ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ ખાતે તા.૦૭/૦૮/૨૦૨૫ને ગુરુવારના રોજ સવારે ૧૧:૦૦ વાગ્યે** એક મિટીંગનું આયોજન કરેલ છે. આ મિટીંગમાં યુનિવર્સિટી સંલગ્ન કોલેજના આચાર્યશ્રી/ પી.ટી.આઈ./રમત-ગમતમાં રસ ધરાવતા અધ્યાપકને હાજર રહેવા અનુરોધ કરવામાં આવે છે. શૈક્ષણિક વર્ષ : ૨૦૨૫-૨૬ દરમિયાન રમાનાર વિવિધ રમત-ગમતનું જે કોલેજ આયોજન કરવા ઈચ્છતી હોય તેમણે કોલેજના લેટરપેડ પર બાંહેધરીપત્રક ભરી સાથે લાવવાનું રહેશે (જે કોલેજ દ્વારા યજમાનપદ સ્વીકારવા માટેનું ઓનલાઇન ફોર્મ ભરેલ નથી તેમજ ઈ-મેઈલમાં બાંહેધરીપત્રક મોકલાવેલ નથી). આ મિટીંગમાં આવનાર કોલેજના આચાર્યશ્રી/ પી.ટી.આઈ./પ્રતિનિધિને આવવા-જવાનો ખર્ચ જે તે કોલેજ/સંસ્થા દ્વારા કરવાનો રહેશે, બપોરના ભોજનની વ્યવસ્થા અત્રેની યુનિવર્સિટી દ્વારા કરવામાં આવેલ છે જેની નોંધ લેશો.

**ખાસ નોંધ :**

**દરેક કોલેજ વતી કોઈપણ એક વ્યક્તિ, કોલેજના પ્રતિનિધિ તરીકે હાજર રહી શકશે. મીટીંગમાં આવનાર કોલેજના પ્રતિનિધિની વિગત નીચે આપેલ ગુગલ ફોર્મની લીંકમાં તા.૦૬/૦૮/૨૦૨૫ બપોરે ૦૧:૦૦ વાગ્યા સુધીમાં માહિતી ભરી મોકલી આપવી ફરજીયાત છે જેથી તે મુજબ બપોરના ભોજનની વ્યવસ્થા થઈ શકે.**

ગુગલ ફોર્મ લીંક :- https://forms.gle/wc2CYxQoDRVoSDPF6

Co-ordinator
Physical Education Cell
Bhakta Kavi Narsinh Mehta University,
Junagadh (Gujarat).

ક્રમાંક:બીકેએનએમયુ/શા.શિ./૧૪૧/૨૦૨૫, તા.૦૫/૦૮/૨૦૨૫

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,

ગવર્નમેન્ટ પોલીટેકનીક કેમ્પસ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ, ખડિયા, જૂનાગઢ-૩૬૨ ૨૬૩

પ્રતિ,

અત્રેની યુનિવર્સિટી સ્થિત ભવનોના અધ્યક્ષશ્રીઓ, સંલગ્ન અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર્સ ઈન્ચાર્જશ્રી, સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ/પી.ટી.આઈ.શ્રીઓ તરફ...

નકલ રવાના :

(૧) માન. કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી તરફ... (જાણ અર્થે)

(૨) આઈ.ટી. સેલ.... (વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવા તેમજ જરૂરી વ્યવસ્થા ગોઠવવા અર્થે)